EDII

Divyabhaskar

(Businessbhaskar)
July 9, 2018
Page No.4

### સમાજ વિજ્ઞાનમાં પીએચડીની સંખ્યા સામે ઉદ્યોગ સાહસિકતાની એક ટકા પણ નહિં

# ઊભરી રહેલી ઉદ્યોગ સાહસિકતા ઉપર વધારે સંશોધન કરવાની તાતી જરૂરિયાત

અત્યારે ભારતીય સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ ઝડપી વૃદ્ધિ સાધી રહ્યું છે. મોટા પાયે પ્રાપ્ત રોકાણ કે ભંડોળ, ટેકનોલોજી સાથે સંબંધિત નવીનતા અને અનુકૂળ નીતિગત વાતાવરણ સાથે દેશ ઉદ્યોગ સાહસિકતાનાં માર્ગે હરણફાળ ભરી રહ્યો છે.

અત્યારે દેશમાં ઉદ્યોગ સાહસિકતા માટે અનુકૂળ પરિબળો હોવા છતાં તેની સાથે સંબંધિત સંશોધનનું ક્ષેત્ર હજુ પ્રાથમિક તબક્કામાં છે. છેલ્લાં 16 વર્ષમાં ભારતમાં 740 માન્યતા પ્રાપ્ત યુનિવર્સિટીઓમાંથી ફક્ત 66 યુનિવર્સિટીઓ ઉદ્યોગ સાહસિકતામાં પીએચડીની ડિગ્રી આપે છે. જ્યારે છેલ્લાં 16 વર્ષમાં સમાજ વિજ્ઞાનમાં પીએચડી મેળવનાર વિદ્યાર્થીઓએ કુલ 20,271 સંશોધનો રજૂ કરીને ડોક્ટરની ડિગ્રી મેળવી હતી, ત્યારે તેમાંથી ઉદ્યોગ સાહસિકતામાં સંશોધન સાથે પીએચડીની ડિગ્રી ફક્ત 177 સંશોધકોએ મેળવી હતી. તેનો અર્થ એ છે કે આ સમયગાળામાં સમાજવિજ્ઞાનમાં પીએચડી માટે થયેલા કુલ સંશોધનોમાં 1 ટકાથી પણ ઓછાં સંશોધનો ઉદ્યોગસાહસિકતાનાં ક્ષેત્રમાં થયાં છે.



અમારાં પેપર "સ્ટડી ઓફ આંત્રપ્રિન્યોરિયલ રિસર્ચ એન્ડ ડોક્ટરલ ડિઝર્ટેશન્સ ઈન ઈન્ડિયન યુનિવર્સિટી"માં અમે તારણ કાઢ્યું છે કે, આ સમયગાળામાં મહારાષ્ટ્રની યુનિવર્સિટીઓમાં સૌથી વધુ 25 સંશોધકોને પીએચડીની ડિગ્રી એનાયત થઈ હતી અને પછી 18 પીએચડી સાથે કર્ણાટક બીજા સ્થાને, 15 પીએચડી સાથે મધ્યપ્રદેશ ત્રીજા સ્થાને તેમજ 12-12 પીએચડી સાથે આંધ્રપ્રદેશ અને તેલંગાણા સંયુક્તપણે ચોથાં સ્થાને છે.

એક શાખા તરીકે તમામ વિષયોને વિકસવા તેમાં સતત સંશોધનની જરૂર છે. 1990નાં દાયકાથી ઉદ્યોગ સાહસિકતાનાં શૈક્ષણિક ક્ષેત્રનું નોંધપાત્ર વિસ્તરણ થયું છે તથા આ શાખા સાથે સંબંધિત અનેક સંશોધકો અને

**સ્ટાર્ટઅપ ટોક**
કવિતા સક્સેના

જર્નલ (સામયિકો) ની સંખ્યા વધી રહી છે. જોકે આ ક્ષેત્રમાં ઉદ્યોગ સાહસિકતાની શરૂઆત અને વર્તમાન વ્યવસાયને જાળવી રાખવો એમ બંને બાબતો સામેલ હોવાથી તેમાં સંશોધન અને જાણકારીની દ્રષ્ટિએ સતત ઈનપુટ કે ઉપયોગી માહિતીની જરૂર છે.

આ અભ્યાસ મુજબ, પીએચડી સંશોધકો વચ્ચે મહિલા ઉદ્યોગસાહસિકતાનાં વિષય પર સૌથી વધુ સંશોધન થયું છે. આ વિષય પર 70 પીએચડી ડીઝર્ટેશન પ્રસ્તુત થયાં છે. ઉપરાંત ઓળખ થયેલા અન્ય ક્ષેત્રોમાં સંશોધન થઈ શકશે; જેમાં ભારતીય યુનિવર્સિટીઓમાં ડોક્ટરલ ડિઝર્ટેશન થઈ શકશે. અભ્યાસનાં ક્ષેત્ર તરીકે ઉદ્યોગ સાહસિકતામાં ધીમે ધીમે વધારો થઈ રહ્યો છે અને આ શાખાને શૈક્ષણિક માન્યતા મળી રહી છે.

જોકે ઉદ્યોગ સાહસિકતા સાથે સંબંધિત સંશોધન અને ડોક્ટરલ એજ્યુકેશનનાં ક્ષેત્રમાં હજુ લાંબી મજલ કાપવાની છે.

અભ્યાસ સૂચવે છે કે, ઉદ્યોગસાહસિકતા સાથે સંબંધિત સંશોધનમાં વધારો કરવા માટે ભારતીય યુનિવર્સિટીઓમાં પીએચડીનાં પ્રોગ્રામમાં વધારો કરવો પડશે તથા આ માટે ઉદ્યોગસાહસિકતાનું પદ્ધતિસરનું શિક્ષણ, તેની તાલીમ અને સંશોધનની સુવિધાઓ ઊભી કરવા ધ્યાન કેન્દ્રિત કરવું પડશે. ડોક્ટરલ રિસર્ચ વિભાગ હાલનાં કોર્પોરેટ અને ફેમિલી બિઝનેસ ઉદ્યોગસાહસો સાથે જોડાણ કરી શકે છે, જેથી પુરાવા-આધારિત સંશોધન માટે તકો ચકાસી શકાશે.

તેનો ઉપયોગ કરીને ઉદ્યોગસાહસિકતાનાં ક્ષેત્રમાં પ્રાપ્ત થયેલી જાણકારી અને પ્રેક્ટિસ વચ્ચે રહેલાં ફરકને દૂર કરી શકાશે. સમગ્ર દેશ ઉદ્યોગસાહસિકતા માટે સજ્જ થયો હોવાથી પ્રાદેશિક સ્તરે ઉદ્યોગસાહસિકતા માટેની નીતિઓનો અભ્યાસ કરવાની જરૂર પડશે.

વિવિધ રાજ્યોમાં હાથ ધરવામાં આવેલ પીએચડી ડિઝર્ટેશનની સંખ્યા અને તેનાં પ્રકાર સાથે ઉદ્યોગસાહસિકતાની વિવિધ નીતિઓ વચ્ચે સરખામણી કરીને સંશોધનની અસરો અંગે જાણકારી મેળવવાની જરૂર પડશે.

(લેખક:ફેકલ્ટી, ઈડીઆઈઆઈ છે)

## ઉદ્યોગ સાહસિકતા શિક્ષણ મુદ્દે શું કરી શકાય

- ઉદ્યોગસાહસિકતા માટે યુનિવર્સિટીઓમાં પીએચડીનાં પ્રોગ્રામમાં વધારો કરવો પડશે
- ઉદ્યોગસાહસિકતાનું શિક્ષણ, તાલીમ અને સંશોધનની સુવિધાઓ ઊભી કરવી પડશે
- ડોક્ટરલ રિસર્ચ વિભાગ કોર્પોરેટ અને ફેમિલી બિઝનેસ ઉદ્યોગો સાથે જોડાણ કરી શકે
- પ્રાદેશિક સ્તરે ઉદ્યોગસાહસિકતા માટેની નીતિઓનો અભ્યાસ કરવાની જરૂર પડશે.

## 117માંથી 73 થિસિસ મહિલા સંશોધકોના

આ અભ્યાસ છેલ્લાં 16 વર્ષમાં ભારતીય યુનિવર્સિટીઓમાં ઉદ્યોગ સાહસિકતા સાથે સંબંધિત સંશોધનમાં વધારો અને વિકાસ સૂચવે છે. 177 ડોક્ટરલ થીસીસ (મહાનિબંધ) માંથી 104 થીસીસ પુરુષ સંશોધકોએ અને બાકીનાં 73 થીસીસ મહિલા સંશોધકોએ કર્યા હતાં. તેમાં થીસીસ માટે સૌથી વધુ પસંદગીની ભાષા અંગ્રેજી હતી અને 167 સંશોધકોએ અંગ્રેજી ભાષામાં થીસીસ રજૂ કર્યા હતાં, ત્યારે બાકીનાં 10 થીસીસ હિંદી ભાષામાં પ્રસ્તુત થયાં હતાં.